# અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ

સરદાર વલ્લભભાઇ પટેલ ભવન, ઉસ્માનપુરા, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪

ઓફીસ : ૦૭૯-૨૭૫૪૫૦૫૧-૫૪, ફેક્સ:૦૭૯-૨૭૫૪ ૫૦૬૧

ઇ-મેઇલ : auda_urban@yahoo.co.inવેબ સાઇટ : auda.org.in


Azadi Ka Amrit Mahotsav

એનેક્ષર – "A"

## Standard Operating Procedure (SOP) for Erection and License to Use of Ready Mix Concrete (RMC) Plant / Concrete Batching Plant

## રેડી-મિક્સ કોંક્રિટ (RMC) પ્લાન્ટ માટેના કોંક્રિટ બેચિંગ પ્લાન્ટના Erection / વપરાશ માટે જરૂરી લાયસન્સ માટેની Standard Operating Procedure (SOP)

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ(ઔડા) વિસ્તારમાં બાંધકામ પ્રવૃત્તિઓની વેગ ધ્યાને લેતા, Ready Mix Concrete / Concrete Batching Plant જરૂરી થઈ બને છે. જે હાલે અમલી CGDCR-2017 ની જોગવાઈઓ મુજબ ઔડાની દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજનાના ઈન્ડસ્ટ્રીયલ જનરલ ઝોન (IZ1), જનરલ એગ્રીકલ્ચર ઝોન (AGZ1), પ્રાઈમ એગ્રીકલ્ચર ઝોન (AGZ2) તથા લોજીસ્ટીક ઝોન (LZ) માં મળવાપાત્ર થાય છે. પરંતુ CGDCR-2017 માં Concrete Batching Plant ના બાંધકામ / ઉપયોગને લગતી અન્ય કોઈ જોગવાઈઓનો (મંજુરી / વપરાશ ને લગતી) ઉલ્લેખ કરવામાં આવેલ નથી. જેથી સદર વિગતોએ Concrete Batching Plant ના બાંધકામ/વપરાશ માટેની SOP (Standard Operating Procedure) તૈયાર કરવાની જરૂરિયાત જણાય છે. જેથી RMC પ્લાન્ટના Temporary Structure / Use ને Temporary Use હેતુ માટે ઔડા વિસ્તારમાં ઔડા કક્ષાએથી License to Use Certificate આપવામાં આવે તેમ આયોજન કરવાના હેતુથી નીચે મુજબ SOP તૈયાર કરવામાં આવેલ છે.

### Chapter 1. RMC/Concrete Batching Plant ના પ્રકાર

સત્તામંડળ વિસ્તારમાં હાલે સામાન્ય રીતે બે (૦૨) પ્રકારના RMC/Concrete Batching Plant ચલણમાં છે, On-Site Concrete Batching Plant અને Off-Site Concrete Batching Plant. જેને આ સાથે હવેથી નીચે મુજબ વ્યાખ્યાયિત કરવામાં આવે છે.

(૧) **On-site Concrete Batching Plant** - જે ફક્ત જે-તે સાઈટ / પ્રોજેક્ટ ના બાંધકામના ઉપયોગ માટે બનાવવામાં આવે અને તેનો ઉપયોગ અન્ય કોઈ વાણિજ્ય પ્રવૃત્તિના હેતુથી કરવામાં આવે નહી. આવા પ્રકારના પ્લાન્ટ જે-તે પ્રોજેક્ટની જમીનમાં / લાગુ જમીનમાં જ મળવાપાત્ર રહેશે.

(૨) **Off-site Concrete Batching Plant** - જે વાણિજ્ય વેચાણ (Supply) ના હેતુથી બનાવવામાં આવે છે.

## Chapter 2: On-site Concrete Batching Plant માટેની જોગવાઈઓ :

### 2.1. મળવાપાત્ર ઝોન/ જમીન:

જે પ્રોજેક્ટ માટે સદર પ્લાન્ટ સ્થાપવામાં આવેલ હોય તે પ્રોજેક્ટની જમીન અથવા તેની લાગુ જમીનમાં મળવાપાત્ર થશે. તે માટે ઝોનનો બાધ રહેશે નહી, પરંતુ સૂચિત રોડ-રસ્તામાં મળવાપાત્ર થશે નહી.

### 2.2. લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટ નો સમયગાળો

- લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટ ની મહત્તમ સમયમર્યાદા પ્રોજેક્ટની અવધિ પ્રમાણે રહેશે. સત્તામંડળ ખાતેથી વપરાશ પરવાનગી મેળવતા પહેલા સ્થળે સદર પ્લાન્ટનું બાંધકામ / ઉપયોગ દૂર કરવાનું રહેશે.

### 2.3. લાયસન્સ ટુ યુઝ મેળવવાની પ્રક્રિયા :

- સત્તામંડળ વિસ્તારમાં હાલે કાર્યરત On-site Concrete Batching Plant ના કિસ્સામાં, સદર SOP પ્રસિધ્ધ થયાના ૬૦-દિવસમાં સત્તામંડળમાં અરજી કરવાની રહેશે.
- અરજી સાથે સદર પ્લાન્ટનો અન્ય કોઈ પ્રોજેક્ટ માટે અથવા વેચાણ માટે ઉપયોગ કરવામાં નહીં આવે તે બાબતની બાંહેધરી તથા Gujarat Pollution Control Board ની NOC રજુ કરવાની રહેશે. તેમજ સદર પ્લાન્ટ જે પ્રોજેક્ટ માટે સ્થાપિત કરવાનો હોય, તેની સત્તામંડળ ખાતેથી મેળવેલ વિકાસ પરવાનગીની નકલ રજુ કરવાની રહેશે.
- નવા સ્થાપિત કરવાના થતાં પ્લાન્ટ કે જેમાં વિકાસ પરવાનગી મેળવવાની બાકીમાં હોય, તેમાં વિકાસ પરવાનગી મેળવતા સમયે જ સંયુક્ત અરજી કરી, સદર પ્લાન્ટ માટે લાયસન્સ મેળવી શકાશે.

### 2.4. ફી / ડીપોઝીટ / પેનલ્ટી:

- **License Fees for One year or part thereof (upto completion of entire Project): રૂ. ૨૫,૦૦૦/- (રૂપિયા પચ્ચીસ હજાર પૂરા)**

  **લાયસન્સ મેળવ્યા બાદ પ્રોજેક્ટ પૂર્ણ થાય ત્યાં સુધી દર વર્ષે રૂ. ૨૫,૦૦૦/- ભરી રીન્યુઅલ મેળવી લેવાનું રહેશે.**
- SOP પ્રસિધ્ધ થયાના ૬૦ દિવસ બાદ લાયસન્સ મેળવ્યા વગરનો કોઈ પ્લાન્ટ કાર્યરત ધ્યાને આવશે, તો પ્રતિ દિન રૂ.૧,૦૦૦/- (રૂપિયા એક હજાર પૂરા) પેનલ્ટી તરીકે વસૂલી, License આપવાની કામગીરી કરવામાં આવશે. અન્યથા પ્લાન્ટ સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે.
- રોડ-રસ્તામાં થતા નુકસાન બાબતે જે-તે પ્લાન્ટ ધારકે સત્તામંડળની અમલીકરણ શાખા દ્વારા જણાવવામાં આવે તે મુજબ સદર રોડ-રસ્તાનું સ્વ-ખર્ચે રીપેરીંગ કરવાનું રહેશે. અથવા જો સત્તામંડળને રોડ-રસ્તા રીપેરીંગ કરવાની ફરજ પાડવામાં આવશે તો તેવા કિસ્સામાં સત્તામંડળ પ્લાન્ટ ધારક પાસેથી રીપેરીંગ માટે થયેલ ખરેખર ખર્ચ (વહીવટી ખર્ચ સહ) વસૂલ કરશે.

## Chapter 3: Off-site Concrete Batching Plant માટેની જોગવાઈઓ

### 3.1. મળવાપાત્ર ઝોન

CGDCR-2017 ની જોગવાઈ મુજબ જ ઔડા વિસ્તારમાં નીચે મુજબના ઝોનમાં Concrete Batching Plant મળવાપાત્ર રહેશે.

(૧) ઈન્ડસ્ટ્રીયલ જનરલ ઝોન (IZ1)

(૨) જનરલ એગ્રીકલ્ચર ઝોન (AGZ1)

(3) પ્રાઈમ એગ્રીકલ્ચર ઝોન (AGZ2)

(૪) લોજીસ્ટીક ઝોન (LZ)

તેમજ ઉપર જણાવેલ ઝોનમાં ઔડાની મંજૂર પુનરાવર્તિત વિકાસ યોજના તથા નગર રચના યોજનાના સૂચિત રોડમાં આવતી જમીનોમાં લાયસન્સ મળવાપાત્ર થશે નહી.

### 3.2. લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટ નો સમયગાળો

- પ્રથમ લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટની અવધિ **ત્રણ વર્ષની** રહેશે. **ત્રણ વર્ષ** બાદ લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટ **વાર્ષિક ધોરણે રીન્યુ** (Renew) કરાવી લેવાનું રહેશે.

### 3.3. લાયસન્સ ટુ યુઝ મેળવવાની પ્રક્રિયા :

- સત્તામંડળ વિસ્તારમાં હાલે કાર્યરત Off-site Concrete Batching Plant ના કિસ્સામાં, સદર SOP પ્રસિધ્ધ થયાના ૬૦ દિવસમાં સત્તામંડળમાં અરજી કરવાની રહેશે.
- તેમજ સર્ટીફીકેટની સમયમર્યાદા પૂર્ણ થવાના ૩૦ દિવસ અગાઉ રીન્યુઅલ માટે જરૂરી દસ્તાવેજી પુરાવા સહિત સત્તામંડળમાં અરજી કરવાની રહેશે.
- અરજી સાથે GPCB (Gujarat Pollution Control Board) ની NOC, બિનખેતી હુકમ (Multi-Purpose / Commercial / Industrial), લીટીગેશન બોન્ડ, વપરાશી હક્કના પુરાવા (ગામ નમૂના નં. ૭, ભાડા કરાર, Lease Deed, વિ.) તેમજ સત્તામંડળ દ્વારા જણાવવામાં આવે તે મુજબ બાંહેધરી રજુ કરવાની રહેશે.

### 3.4. લાયસન્સ મેળવવા માટે સૂચિત જમીનની યોગ્યતા બાબતના મુદ્દા

- પ્લોટનું લઘુત્તમ ક્ષેત્રફળ: ૩,૫૦૦ ચો.મી.
- એપ્રોચ રોડ: ૧૨.૦૦ મી. કે તેથી વધારે પહોળાઈના હયાત રસ્તાથી પ્રવેશ મળતો હોવો જોઈએ.
- લોકેશન: હયાત રહેણાંક / શૈક્ષણિક / ઈન્સ્ટીટયુશનલ / હોસ્પિટલ / વાણિજ્ય / વિગેરે પ્રકારના બાંધકામથી ૨૦૦.૦ મી. થી વધારે Radial અંતરે તેમજ નદી / તળાવ / કુદરતી નાળા થી ૧૫૦.૦ મી થી વધારે Radial અંતરે જમીન સ્થિત થતી હોવી જોઈએ.
- બિન-ખેતી થયેલ જમીન (Multi-Purpose / Commercial / Industrial)

## 3.5. ફી / ડીપોઝીટ / પેનલ્ટી:

- **ત્રણ વર્ષના લાયસન્સ ટુ યુઝ સર્ટિફિકેટ માટેની ફી રૂ.૧,૫૦,૦૦૦/- (રૂપિયા એક લાખ પચાસ હજાર પૂરા)**
- **દર વર્ષે રીન્યુઅલ ફી રૂ.૫૦,૦૦૦/- (રૂપિયા પચાસ હજાર પૂરા)**
  સિક્યુરીટી ડીપોઝીટ રૂ. ૫,૦૦,૦૦૦/- (રૂપિયા પાંચ લાખ પૂરા)
- સદર SOP પ્રસિધ્ધ થયાના ૬૦ દિવસમાં સત્તામંડળના ઉપર જણાવેલ ઝોન વિસ્તારમાં કાર્યરત તમામ પ્લાન્ટ દ્વારા લાયસન્સ મેળવી લેવા અરજી કરવી ફરજીયાત છે. ત્યારબાદ જો કોઈ કિસ્સામાં સત્તામંડળના લાયસન્સ મેળવ્યા સિવાયનો પ્લાન્ટ કાર્યરત ધ્યાને આવશે, તો પ્લાન્ટ સીલ કરવામાં આવશે તથા પેનલ્ટી તરીકે રૂ.૧,૦૦,૦૦૦/- (રૂપિયા એક લાખ પૂરા) વસૂલી, લાયસન્સ આપવાની કામગીરી હાથ ધરવામાં આવશે, (લાયસન્સ ની ફી અલગથી વસૂલવામાં આવશે.)
- લાયસન્સ રીન્યુઅલ માટેની અરજી અગાઉ આપવામાં આવેલ લાયસન્સની અવધિ પૂર્ણ થાય તેના ૩૦ દિવસ પહેલા કરવાની રહેશે.
- લાયસન્સની અવધિ પૂર્ણ થયા બાદ લાયસન્સ માટે અરજી કરવામાં આવે તે કિસ્સામાં પ્રતિ દિન રૂ. ૧,૦૦૦/- (રૂપિયા એક હજાર પૂરા) પેનલ્ટી તરીકે વસૂલવામાં આવશે.
- સદર SOP જાહેર થયા બાદ જો કોઈ નવો પ્લાન્ટ લાયસન્સ મેળવ્યા વગર કાર્યરત કરવામાં આવશે, તો તેવા કિસ્સામાં સત્તામંડળ તાત્કાલિક પ્લાન્ટ બંધ / સીલ કરવાની કામગીરી હાથ ધરી શક્શે. તેમજ લાયસન્સ ઈસ્યુ કરતા સમયે પેનલ્ટી તરીકે રૂ.૧,૦૦,૦૦૦/- (રૂપિયા એક લાખ પૂરા) વસૂલી, લાયસન્સ આપવાની કામગીરી હાથ ધરવામાં આવશે, (લાયસન્સ ની ફી અલગથી વસૂલવામાં આવશે.)
- લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટ અને સદર SOP માં જણાવેલ કોઈપણ શરતનો ભંગ થવાના કિસ્સામાં દિવસ દીઠ રૂ.૧૦,૦૦૦ (અંકે રૂપિયા દસ હજાર પુરા) દંડ તરીકે વસુલ કરવામાં આવશે.
- પ્લાન્ટના વાહનો દ્વારા જાહેર રોડ-રસ્તામાં થતા નુકસાન બાબતે જે-તે પ્લાન્ટ ધારકે સત્તામંડળની અમલીકરણ શાખા દ્વારા જણાવવામાં આવે તે મુજબ સદર રોડ-રસ્તાનું સ્વ-ખર્ચે રીપેરીંગ કરવાનું રહેશે. અથવા જો સત્તામંડળને રોડ-રસ્તા રીપેરીંગ કરવાની ફરજ પાડવામાં આવશે તો તેવા કિસ્સામાં સત્તામંડળ પ્લાન્ટ ધારક પાસેથી રીપેરીંગ માટે થયેલ ખરેખર ખર્ચ (વહીવટી ખર્ચ સહ) વસૂલ કરશે.
- જે કિસ્સામાં સત્તામંડળને લાયસન્સ રદ્દ કરવાની ફરજો પાડવામાં આવશે, તેવા કિસ્સામાં સત્તામંડળ દ્વારા ડિપોઝીટ જપ્ત કરી લેવામાં આવશે.
- પ્લાન્ટ શિફ્ટીંગ અથવા ક્લોઝરના કિસ્સામાં સત્તામંડળ દ્વારા ડિપોઝીટ પરત કરવામાં આવશે. અને જો કોઈ કારણસર પેનલ્ટી વસૂલવાની થતી હોય તો તે રકમ ડિપોઝીટમાંથી કપાત કરી, બાકીની રકમ પરત કરવામાં આવશે.

## Chapter 4. On-Site / Off-Site Concrete Batching Plant માટે સ્થળે લેવાના થતા તકેદારીના પગલા

- લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટ અંતર્ગત સ્થળે ફક્ત Temporary Structure બનાવી શકાશે. તેમજ સદર પ્લાન્ટ માટે સ્થળે બનાવવામાં આવતા પ્રોસેસીંગ યુનીટ (Silos) ને રસ્તા તથા અન્ય તમામ બાજુએ લધુત્તમ ૬.00 મી. માર્જીન જાળવી બનાવવાના રહેશે **અને તે સિવાયના આનુષાંગિક Temporary Structure ને તમામ બાજુએથી ૩.0 મી. માર્જીન જાળવી બનાવી શકાશે.**
- RMC પ્લાન્ટ તમામ બાજુએથી ઓછામાં ઓછી ૧૫ ફુટ ઊંચાઈ **(કમ્પાઉન્ડ વોલ + બેરીકેડીંગ અથવા ફક્ત બેરીકેડીંગ)** નું બેરીકેડીંગ કરી / પતરાં લગાવી બંધ (Enclosed) રાખવાનો રહેશે.
- પ્લાન્ટના દરેક Entry અને Exit થી જાહેર રસ્તા સુધીના ભાગને RCC / ડામર નો બનાવવાનો રહેશે. જેથી રોડ પર થતું Dusting અટકાવી શકાય.
- સ્થળે સલામતીના ભાગ રૂપે અગ્નિશામક વ્યવસ્થા કરવાની રહેશે.
- સ્થળે જરૂરી સેનેટરી પ્રોવિઝન કરવાનું રહેશે. પ્રિમાઈસીસની બહાર ડ્રેનેજ કે અન્ય કચરાનો નિકાલ કરી શકાશે નહી.
- સ્થળે જરૂરી પાર્કિંગની તેમજ આવતા TM / ડમ્પર/ ટ્રક / વિગેરે ઉભા કરવા માટે પૂરતી વ્યવસ્થા કરવાની રહેશે. જાહેર રસ્તામાં પાર્કિંગ કરી શકાશે નહી કે જણાવેલ વાહનો ઉભા કરી શકાશે નહી.
- પ્લાન્ટથી નીકળતા તમામ વાહનોના ટાયર વોશ કર્યા બાદ જ બાહર નીકળે તે માટેની તકેદારી રાખવાની રહેશે તેમજ તે માટે જરૂરી આંતરિક વ્યવસ્થાના ભાગ રૂપે જરૂરી પેવ્ડ એરીયા / પ્લેટફોર્મ બનાવવાનું રહેશે અને વોશ-આઉટ પાણી પ્રિમાઈસીસની બહાર ના આવે તેની તકેદારી રાખવાની રહેશે.
- વધુમાં સદર વાહનના ટાયરમાં ચોંટેલી માટી / Fly Ash થી જાહેર રસ્તા પર Dusting થતું ધ્યાને આવશે તો પ્રત્યેક કિસ્સામાં પ્રત્યેક વાહન દીઠ <u>રૂ. ૫,000/- (રૂપિયા પાંચ હજાર પૂરા)</u> વસૂલવામાં આવશે.
- પ્લાન્ટમાં Store કરવામાં આવતા રેતી, માટી, ગ્રીટ, કપચી, વિગેરેથી હવા પ્રદૂષણ ના થાય તેમજ ટ્રકમાંથી પ્લાન્ટમાં ઠાલવતા સમયે સૌપ્રથમ સ્પ્રીંક્લરમાંથી પસાર થાય તેની તકેદારી રાખવાની રહેશે અને તે માટે જરૂરી વ્યવસ્થા કરવાની રહેશે. તેમજ Silos માં કે TM માં મટીરીયલ ભરતાં સમયે હવામાં ના ઉડે તે માટે યોગ્ય કવર-ગ્રીન નેટ Silos ની ફરતે રાખવાની રહેશે.
- પ્લાન્ટ ઉપર અવર-જવર કરતા ટ્રકો/ ભારખટારા/ જેસીબી મશીન તથા અન્ય મશીનરી દ્વારા જાહેર રસ્તા, ફુટપાથ તથા અન્ય મિલક્તોને નુકશાન થાય નહિ તથા ગંદકી ફેલાય નહીં તે માટે તકેદારીના પગલા લેવાના રહેશે.
- પ્લાન્ટમાં આવતા કે પ્લાન્ટમાંથી નીકળતા TM / ડમ્પર/ ટ્રક / વિગેરે વાહનો દ્વારા Transportation દરમિયાન પણ કોઈ પણ પ્રકારનો Concrete Residue, રેતી, માટી, ગ્રીટ, કપચી, વિ. જાહેર જગ્યા પર ઠલવાય / છલકાય, તો તે પ્રત્યેક કિસ્સામાં રૂ. ૧૦,000/- (રૂપિયા દસ હજાર પૂરા) વસૂલવામાં આવશે.
- Gujarat Pollution Control Board ની NOC માં દર્શાવેલ તમામ શરતો / સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

Chapter 5. સામાન્ય બાબતો:

- **Ready-Mix Concrete (RMC) Plant/Concrete Batching Plant ના લાયસન્સ ટુ યુઝ સર્ટીફીકેટ મેળવવા માટે અરજીની સાથે રૂ. ૫,૦૦૦/- (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) એડવાન્સ ફી પેટે જમા કરાવવાના રહેશે. સદર રકમ લાયસન્સ ટુ યુઝ સર્ટીફીકેટની ફી માં મજરે આપવામાં આવશે.**
- On-site કે Off-site Concrete Batching Plant માટે સત્તામંડળ ખાતેથી વિકાસ પરવાનગી મેળવવાની રહેશે નહીં. જેના બદલે લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટ મેળવવું ફરજીયાત કરવામાં આવે છે. ફકત કામચલાઉ ઉપયોગ / વપરાશ માટે આપવામાં આવશે.
- **જે વિસ્તારમાં નગર રચના યોજના બનેલ ન હોય તેવા પ્લોટમા આવવા જવા માટે એપ્રોચ રસ્તાની જવાબદારી, અરજદાર/ જમીન માલિકની રહેશે.**
- સત્તામંડળ વિસ્તારમાં હાલે કાર્યરત તમામ RMC / Concrete Batching Plants માટે, સદર SOP જાહેર થયા બાદ ૧૨૦-દિવસમાં નહી મળવાપાત્ર ઝોનમાં કાર્યરત પ્લાન્ટ બંધ કરી, અન્ય મળવાપાત્ર ઝોન / જમીનમાં પ્લાન્ટ શીફ્ટ કરી, લાયસન્સ મેળવી લેવાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે. આ સમયમર્યાદા ઉપરાંત વધુ ૯૦-દિવસ સુધીની સમયમર્યાદા વધારવાની સત્તા માન. મુખ્ય કારોબારી અધિકારીશ્રીની રહેશે.
- સ્થળે ઉભા કરવામાં આવતાં Temporary Structure ની Structure Stability માટે Structure Engineer નું પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે, તે માટે સત્તામંડળની કોઈ જવાબદારી રહેશે નહી.
- સત્તામંડળ દ્વારા ઈસ્યુ કરવામાં આવતા લાયસન્સને માલિકી બાબતેના કોઈ આધાર-પુરાવા તરીકે માન્યતા મળતી નથી. તેમજ જે-તે જમીન પરના ખાનગી હક્કો અંગે કોઈ ફેર-બદલ થતો નથી અને તે માટે સત્તામંડળની કોઈ જવાબદારી રહેશે નહી.
- પ્લાન્ટ માટે કોઈ લીટીગેશન ઉભા થાય તો તે બાબતે સત્તામંડળની કોઈ જવાબદારી રહેશે નહી.
- લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટ રીન્યુ કરવાની, સુધારા-વધારા કરવાની, રદ કરવાની આખરી સત્તા સત્તામંડળ પાસે રહેશે.
- ખાનગી અથવા સરકારી સંસ્થાઓ પાસેથી ભાડે અથવા લીઝથી મેળવેલ જમીનોના ભાડા કરાર/લીઝની અવધિ પૂર્ણ થયેથી લાયસન્સ ટુ યુઝની અવધિ આપોઆપ પૂર્ણ થયેલી ગણાશે.
- લાયસન્સ ટુ યુઝની નકલ સાઈટ પર સ્પષ્ટ રીતે વંચાય તે રીતે લગાવવાની રહેશે.
- કોઈપણ પ્રકારના અકસ્માતના કિસ્સામાં તમામ જવાબદારી લાયસન્સ ધારણકર્તાની રહેશે તથા જાનહાની કે નુકશાન ના થાય તે અંગેની વ્યવસ્થા તથા તકેદારી રાખવાની રહેશે.
- લાયસન્સ ટુ યુઝની કોઈપણ શરતનો ભંગ કરવામાં આવશે તેમજ આ લાયસન્સ મેળવતી વખતે રજુ કરેલ કોઈપણ દસ્તાવેજી પુરાવામાં વિસંગતતા જણાય કે ખોટા પુરાવા રજુ કરેલ હશે તો સદર લાયસન્સ આપોઆપ રદ્દ થયેલ ગણાશે.
- **શરતભંગના કિસ્સામાં સત્તામંડળને લાયસન્સ રદ્દ કરવાની ફરજ પડશે, તો તેવા કિસ્સામાં સિક્યોરીટી ડિપોઝીટ જપ્ત કરી લેવામાં આવશે.**

- **Ready Mixed Concrete Plant ના વપરાશ દરમ્યાન Noise Control તથા Vibration Control માટેની પુરતી વ્યવસ્થા કરવાની રહેશે. તેમજ Effluent Discharge/ Disposal of Solid Waste/Liquid waste/ Chemical waste ની નિયામાનુસાર ટ્રીટમેન્ટ કરી યોગ્ય નિકાલની વ્યવસ્થા કરવાની રહેશે.**
- Policy on Good Construction Practices in Ahmedabad (AUDA) ની સંબંધિત તમામ જોગવાઈનું પાલન કરવાનું રહેશે.
- Concrete Mixing Plant ની Entry/Exit થી ૧૦૦ મી. સુધીમાં આવતા ટી.પી. રસ્તાની સાફ-સફાઈ/જાળવણી RMC Plant સંચાલકે કરવાની રહેશે.
- વધુમાં સત્તામંડળથી મેળવવામાં આવેલ લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટ, વિકાસનો વ્યાપ તેમજ અમલી ઝોનને આધારિત જરૂરિયાત ઉભી થાય ત્યારે સત્તામંડળ લાયસન્સ રદ્દ કરી શક્શે.
- પ્લાન્ટ ક્લોઝરના કિસ્સામાં સીકયોરીટી ડિપોઝીટ પરત મેળવવા માટે જરૂરી ચકાસણી કરાવી યોગ્ય યથાવત સ્થિતિ કરવાની રહેશે.
- SOP માં જણાવેલ કોઈ બાબતે અર્થઘટન કરવામાં વિસંગતતા ઉભી થાય તો સત્તામંડળનો નિર્ણય આખરી ગણવામાં આવશે. તેમજ જો કોઈ કોર્ટ-મેટર કે કોર્ટ ને લગતી દાવા-દુવી થાય તો તેનો અધિકારક્ષેત્ર માત્ર અમદાવાદ રહેશે.
- નવા ઝોનીંગ કે ટીપી સ્કીમ જાહેર થવાના કિસ્સામાં અગાઉથી લાયસન્સ મેળવેલ પ્લાન્ટ ધારક માટે લાયસન્સની અવધિ મહત્તમ ૦૫ (પાંચ) વર્ષ અથવા ઝોનીંગ કે ટીપી જાહેર થયા બાદ મહત્તમ ૦૩ (ત્રણ) વર્ષ – બે માંથી જે વધારે હોય તે પ્રમાણે આપવાની જોગવાઈ કરવામાં આવે છે. **ત્યારબાદ પ્લાન્ટ ક્લોઝર/શિફ્ટીંગ કરવાનું રહેશે. (સદર સમયગાળો પ્લાન્ટ ઉભો કરવાનો થતો ખર્ચો તેમજ તેની સાથે જોડાયેલ શ્રમિકોની રોજગારીને ધ્યાને લઈ નક્કી કરવામાં આવેલ છે.)**
- એગ્રીકલ્ચર ઝોનમાં RMC પ્લાન્ટ મળવાપાત્ર હોવાથી, એગ્રીકલ્ચર + ઓવરલે RAH ઝોનમાં આવેલ ટીપી વિસ્તારમાં નજીકના ભવિષ્યમાં વિકાસની શક્યતાઓ ધ્યાને રાખી, તા. ૧૯/૦૪/૨૦૨૫ ના સમયે સ્થળે હયાત RMC પ્લાન્ટ ધારકોને મહત્તમ ૦૩ (ત્રણ) વર્ષ માટે લાયસન્સ આપવાની જોગવાઈ કરવામાં આવે છે.

**Chapter 6. અન્ય અગત્યની ધ્યાને લેવાની બાબતો:**

- લાયસન્સ ટુ યુઝ સર્ટીફીકેટ મેળવવાથી અન્ય સરકારી વિભાગ, કચેરી કે સ્થાનિક સંસ્થાઓમાંથી મેળવવાની થતી જરૂરી મંજુરી / NOC બાબતે કોઈ છુટ-છાટ મળતી નથી. અન્ય તમામ સંબંધિત વિભાગ, કચેરી કે સ્થાનિક સંસ્થાઓ પાસેથી મેળવવાની થતી મંજુરી / NOC પ્લાન્ટ ધારક દ્વારા મેળવી લેવાની રહેશે.
- જી.આઈ.ડી.સી. વિસ્તારમાં સ્થપાયેલ / સ્થાપવામાં આવતા પ્લાન્ટ માટે સદર SOP લાગુ પડશે નહી, પરંતુ જી.આઈ.ડી.સી. દ્વારા જે નિતી અમલમાં મુકેલ હોય, તેનું પાલન કરવાનું રહેશે.
- રોડ/ રેલ્વે/ નહેર (કેનાલ)/ ઐતિહાસિક ઇમારતોથી ઔદ્યોગિક એકમના અંતર બાબતે સરકારનાં સંલગ્ન વિભાગ (જેવા કે, માર્ગ અને મકાન/ પંચાયત/ નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એન.એચ.એ.આઇ.)/ રેલ્વે/ ઈરીગેશન/ પુરાતત્વ વિભાગ) દ્વારા નિર્ધારિત નિયંત્રણ રેખા અનુસાર ઓછામાં ઓછુ અંતર રાખવાનું રહેશે.
- સ્થળે સ્થાપવામાં આવતા પ્લાન્ટ બાબતે Insurance મેળવવાનો થતો હોય, તો પ્લાન્ટ ધારક દ્વારા મેળવી લેવાનો રહેશે. સ્થળે સ્થાપવામાં આવતા પ્લાન્ટ તથા તેમાં કામ કરતા મજુરો/ માણસો માટે જરૂરી Insurance મેળવવાનો થતો હોય તો પ્લાન્ટ ધારક દ્વારા મેળવી લેવાનો રહેશે.
- **કોઈપણ પ્રકારના અકસ્માતના કિસ્સામાં સંપૂર્ણ જવાબદારી પ્લાન્ટ ધારકની રહેશે.**
- CGDCR – 2017 ના Chapter 20 'Conformity to other Acts and Regulations' ની જોગવાઈઓ મુજબ અન્ય લાગુ પડતા કાયદાઓ / વિનિયમો અન્વયેની પરવાનગીઓ મળતી નથી. **લાગુ પડતાં તમામ સંબંધિત ખાતા / કચેરી / બોર્ડ / નિગમ પાસેથી જરૂરી પરવાનગી / મંજુરી / NOC / રજીસ્ટ્રેશન મેળવવાની જવાબદારી પ્લાન્ટ ધારકની રહેશે.**
- ઉપરોક્ત જણાવેલ બાબતોએ કોઈ ઉલ્લંઘન ધ્યાને આવશે તો સત્તામંડળ લાયસન્સ રદ્દ કરવાની કામગીરી હાથ ધરશે.

* * *